**<u>મહે. ૮ માં એડીશ્નલ જયુડી. મેજી. ફર્સ્ટ. કલાસ સાહેબની કોર્ટમાં, મુ.વડોદરા.</u>**

**CC.31193_2026**

ફરીયાદી:- શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપી :- દિક્ષીતભાઈ મહેન્દ્રકુમાર અગ્રવાલ, ઉ.વ.પુખ્ત,
રહે. માંજલપુર, વડોદરા.

ગુનો:- **<u>બી.એન.એસ.ની કલમ-૨૨૩ મુજબ.</u>**

(૧) આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોકત વર્ણવેલ ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, ચાર્જશીટનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કાઢતા, તે સમન્સ તેઓને બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોલીસ પેપર્સની નકલોનો અભ્યાસ કર્યા બાદ, આરોપીની બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૪ અન્વયે પ્લી નોંધતા તેણે સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. તેણે અલગથી ગુનો કબુલાત કરતી પોતાની સહી કરી પુરસીસ પણ રજુ કરેલ છે.

સજા અંગે સાંભળ્યા. આરોપીએ પોતાને કોઈ ગુનો કરવાનો ઈરાદો ન હોવાનું જણાવેલ છે. આરોપીએ સ્વૈચ્છિક ગુનાની કબુલાત કરેલ છે તેમજ આ ગુનો પ્રથમ ગુનો હોવાથી કાયદામાં નિર્દીષ્ટ પુરેપુરી સજા નહીં પરંતુ તેને આછામાં ઓછી સજાનો હુકમ કરવાનું યોગ્ય જણાય આવે છે. આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાઈ આવે છે. આરોપી સ્વેચ્છાએ પોતાનો ગુનો કબુલ કરતા હોવાથી અને તેની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાવતા હોવાથી, તેની ગુના કબુલાત સ્વીકારવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>- હુ ક મ -</u>**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.ની કલમ-૨૨૩ મુજબના ગુના અન્વયે બી.એન.એસ.એસની કલમ-૨૭૫ હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. ઉપરોકત આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) ના દંડની સજા કરવામાં આવે છે. દંડ ભરવામાં કસુર કર્યે ૦૩(ત્રણ) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ:૧૪.૦૩.૨૦૨૬ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
વડોદરા.

**(રાહુલ સચદેવા )**
**કોડ નં.જીજે.૦૧૭૨૫**
૮ માં એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી. વડોદરા.

પાવતી નં. /૨૦૨૬
દંડ રૂા.
તારીખ:૧૪.૦૩.૨૦૨૬

ચીફ કોર્ટ, વડોદરા.